# નોકરી કરતી મહિલાઓનો અભ્યાસ

સરકારી નોકરી કરતી ૪૦ મહિલાઓનો અભ્યાસ કરવામાં આવેલ. જેમાં ૩૦ મહિલાઓ શહેરી વિસ્તારમાં અને ૧૦ મહિલાઓ ગ્રામ્ય વિસ્તારમાં નોકરી કરતી હતી. જેમાં ૨૨ મહિલાઓ સચિવાલય, ૦૮ મહિલાઓ શિક્ષિકા તરીકે અને અન્ય દસ મહિલાઓ જુદા જુદા વ્યવસાય સાથે સંકળાયેલ હતી, જેમાંથી ૦૪ મહિલાઓ ટેકનીશિયન હતી. તેમની રૂબરુ મુલાકાત લઇને તે બધી જ મહિલાઓને એક સમાન ૩૭ જેટલા પ્રશ્નો પૂછવામાં આવેલા તેમણે આપેલા જવાબને આધારે નીચેની બાબતો તારવવામાં આવી છે.

- ૬૦ % મહિલાઓ બાળકોના ભવિષ્યને સુધારવા/વિકાસ કરવા માટે, ૪૦ % કુટુંબને આર્થિક સહાય કરવાના હેતુથી અને ૨૦ % કરેલા અભ્યાસનો ઉપયોગ કરવાના હેતુસર નોકરી કરે છે.. આમ છતાં ૧૦૦ % બહેનો પોતાના બાળકના ભવિષ્ય માટે બચત કરે છે.
- નોકરી કરતી મહિલાઓમાંથી ૫૦ % અપડાઉન કરે છે અને ૫૦ % જેટલી મહિલાઓ સ્થાયી રહે છે. તેમને પૂછવામાં આવતાં કે જો તમારી બદલી થાય તો તમે નોકરી ચાલુ રાખો? આ પ્રશ્નના જવાબમાં ૪૦ % મહિલાઓએ રાજીનામુ આપી દેવાની વાત કરી હતી તો વળી તેટલાજ પ્રમાણમાં ૪૦ % બહેનોએ જણાવ્યં હતું કે તેઓ જ્યા બદલી થાય ત્યાં પણ નોકરી કરવા જશે.
- નોકરી કરતી બહેનોમાંથી નોકરીને કારણે ૬૦ % બહેનોને ઘરના સભ્યો સાથે મનદુ:ખ થતું નથી, જ્યારે ૪૦ % બહેનોને ક્યારેક મનદુ:ખ થાય છે. આમ છતાં બધી જ મહિલાઓને નોકરી માટે કુટુંબનો પૂરતો સહકાર મળી રહે છે. ૯૦ % મહિલાઓના મતે તેમની નોકરીને કારણે તેમનું કુટુંબ આગળ આવ્યું છે.
- ૯૦ % બહેનોને પોતાના બાળક સાથે હળવામળવાનો પૂરતો સમય મળે છે. આમ છતાં ૬૦ % બહેનોને પૂરતો સંતોષ નથી. ૪૦ % બહેનો પોતાના બાળકની શાળામાં વાલીદિન કે અન્ય દિવસે ઇચ્છે તો પણ જઇ શકતાં નથી. ૪૦ % બાળકોને પોતાની મમ્મી નોકરી કરે તે ગમતું નથી.
- ૮૦ % બહેનોના મતે તેઓ ઓફિસ સમય કરતાં વધુ કામ કરે છે. જેનો વિરોધ તેમના પતિદેવ કરતા નથી.
- ૨૦% મહિલાઓના મતે તેમની પ્રગતિમાં પરુષો અવરોધરૂપ છે. આમછતાં ૪૦ % મહિલાઓ તેમના ઉપરી અધિકારી તરીકે પુરુષને પસંદ કરે છે તો વળી ૪૦ % સ્ત્રી ને અધિકારી તરીકે પસંદ કરે છે. ૨૦ % મહિલા ઉપરી અધિકારી તરીકે પુરુષ કે સ્ત્રી બંનેને પસંદ કરે છે. ૪૦ % મહિલાના મતે તેમને સ્ત્રી કર્મચારીનો વધુ સહકાર મળે છે તો વળી ૫૦ % મહિલાઓના મતે તેમને પુરુષ સહકર્મચારીનો વધુ સહકાર મળે છે.
- ૧૦૦ % મહિલાઓના મતે તેમને તેમના ઉપરી અધિકારી તરફથી પૂર્ણ સહકાર મળે છે. તથા તેમનો વ્યવહાર પણ ખૂબ જ સારો ગણાવે છે.
- બધી જ મહિલાઓનું માનવું છે કે તેમને પોતાના હોદ્દા મુજબનું માન મળે છે, તેટલું જ નહીં પરંતુ નોકરીને કારણે તેમના સામાજિક મોભામાં પણ વધારો થયો છે.
- નમૂનામાં સમાવિષ્ટ એક પણ મહિલા કોઇપણ સામાજિક સેવાભાવી સંસ્થા સાથે જોડાયેલ નથી.
- નોકરીને કારણે ૫૦ % મહિલાઓને શારીરિક તકલીફ ઊંભી થઇ છે. જેમાં ૩૦ % ને કમરનો દુખાવો તો ૧૦ % ને પગમાં દુખાવો થાય છે.
- બધી જ મહિલાઓ ધર્મમાં આસ્થા ધરાવે છે. તેમાંથી ૭૦ % મહિલાઓના મતે વ્યકિત જેમ વધુ ધાર્મિક તેમ વધુ મહેનતુ હોય છે.
- ૭૦ % મહિલાઓ ઓફિસ કરતાં ઘરને વધુ મહત્ત્વ આપે છે, તો ૩૦ % મહિલાઓ ઓફિસને વધુ મહત્ત્વ આપે છે.
- પોતાને મળતા પગારમાંથી પોતાના મોજશોખ માટે ૪૦ ટકા મહિલાઓ ઇચ્છે તેમ પગાર વાપરી શકે છે. તો ૪૦ % કેટલેક અંશે વાપરી શકે છે તો વળી ૨૦% મહિલાઓ બિલકુલ ખર્ચ કરી શકતી નથી.
- જો આ મહિલાઓ પોતાના ખાતાના ઉચ્ચ અધિકારી હોય તો તેઓ દરેક કર્મચારી નિયમિત સમયસર આવે, નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ બજાવીને સમયસર કામ પૂર્ણ કરે તેવો આગ્રહ રાખે.
- તેમેન પૂછવામાં આવ્યું હતું કે તમે સરકારને કોઇ સૂચન કરવા માંગો છો ? તેના જવાબમાં મોટાભાગની મહિલાઓનું સૂચન હતું કે, સ્ટાફની પૂરતા પ્રમાણમાં ભરતી કરો.
- તેમને નોકરી દરમિયાન ન ગમતી બે બાબતો પૂછતાં મોટા ભાગની મહિલાઓને ઓફિસ સમય કરતાં વધુ સમય કામ કરવું ગમતું નથી. તેમજ સરકારી કચેરીઓમાં ચાલતો ભ્રષ્ટાચાર પણ ગમતો નથી.